# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમરેલી જિલ્લામાં 681 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે.**
2. **ગુજરાત અને ઓડિશાના નાયબ મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિમાં અમદાવાદમાં 'ઓડિશા પર્વ'નો આરંભ.**
3. **જળની જાળવણી , સંરક્ષણ અને સંચયના સંદેશ સાથે આજે રાજ્યમાં વિશ્વ જળ દિવસની ઉજવણી.**
4. **રાજ્યમાં આગામી 7 દિવસોમાં હળવા વરસાદની સંભાવના.**
5. **અમદાવાદમાં યોજાયેલી નેશનલ ડેફ એથલેટિક્સમાં રાજ્યના 10 ખેલાડીઓએ ચંદ્રકો જીત્યા.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM – AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમરેલી જિલ્લામાં અંદાજે 681.78 કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે. અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, અમરેલી, જાફરાબાદ રાજુલા પંથકમાં માર્ગ - મકાન વિભાગના ત્રણ કામો અને અમરેલી શહેરમાં રાધેશ્યામ - માચીયાળા બાયપાસનું ખાતમુહૂર્ત થશે.

આ ઉપરાંત જાફરાબાદ ચારનાળા અને રાજુલા બાઢડા થોરડી માર્ગનું ખાતમુહૂર્ત થશે. સાવરકુંડલામાં ભેંસાણ સરોવર ખાતે ૭.૫ કરોડના ખર્ચે મલ્ટી પર્પઝ હોલ અને ચિલ્ડ્રન પાર્ક અને મોટા ઝીંઝુડા ખાતે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સલન્સનું નિર્માણ થશે.

આ વિકાસકાર્યો પૂર્ણ થતાં જિલ્લાના વિકાસને નવી ગતિ મળશે તથા લોકોના જીવનસ્તરમાં ગુણાત્મક સુધારો થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ની સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પહેલી વખત અમરેલી આવતા હોય જિલ્લા ભાજપના કાર્યકરો અને આમ જનતામાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# CHHOTA UDEPUR LOKARPAN

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના અંતરિયાળ વિસ્તાર ગઢબોરિયાદ ખાતે 6.54 કરોડના ખર્ચે તૈયાર થયેલા અત્યાધુનિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) નું સાંસદ જશુભાઈ રાઠવા અને ધારાસભ્ય અભેસિંહ તડવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

છોટા ઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે આ નવનિર્મિત આરોગ્ય કેન્દ્ર આસપાસના 50થી વધુ ગામો માટે કેન્દ્રબિંદુ સમાન બનશે.અત્યાર સુધી સામાન્ય કે ગંભીર બીમારી માટે દૂર સુધી મુસાફરી કરવી પડતી હતી,પરંતુ હવે સ્થાનિક સ્તરે અત્યાધુનિક સુવિધા મળશે.આ કેન્દ્ર કાર્યરત થવાથી આદિવાસી પટ્ટાના આરોગ્ય માળખામાં સુધારો જોવા મળશે.

જનરલ ચેકઅપ અને ઇમરજન્સી સારવાર,સગર્ભા મહિલાઓ અને નવજાત શિશુઓ માટે વિશેષ વિભાગ આંખની તપાસ તેમજ નાક-કાન-ગળાના રોગોની સારવાર કરવામાં આવશે.

## ODISHA PARVA HARSH SANGHVI

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે 'ઓડિશા પર્વ'નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.ઓડિશા પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત અને FICCIના સહયોગથી યોજાયેલા ત્રિદિવસીય કાર્યક્રમમાં ઓડિશાની જીવંત પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાને અમદાવાદના આંગણે પ્રસ્તુત કરવામાં આવશે.આ કાર્યક્રમમાં વિવિધ સ્ટોલ્સ તથા કલાકારો અને નૃત્યકારો દ્વારા ઓડિશાની કલા સંસ્કૃતિ, ઉત્કૃષ્ટ ભોજન, હસ્તકલા અને પ્રવાસન સ્થળોનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

'ઓડિશા પર્વ'નો પ્રારંભ કરાવતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત અને ઓડિશા વચ્ચેનો સંબંધ ભક્તિ અને કર્મના અતૂટ તાંતણે બંધાયેલો છે. જેમ ગુજરાત પર ભગવાન દ્વારકાધીશના આશીર્વાદ છે, તેમ ઓડિશા

પર મહાપ્રભુ જગન્નાથજીના આશીર્વાદ છે. આ બંને પવિત્રધામો કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે.

## PROBANDAR MAHOTSAV

વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં પોરબંદર શહેરના ચોપાટી ગ્રાઉન્ડ ખાતે મિલેટ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે ભારત સરકારે વર્ષ ૨૦૧૮ને ‘નેશનલ મિલેટ યર’ તરીકે જાહેર કર્યું હતું અને ભારતના પ્રયત્નોથી વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય સ્તરે ‘ઇન્ટરનેશનલ મિલેટ યર’ તરીકે ઉજવવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે બાજરી, જુવાર, રાગી, મોરૈયો અને કાંગ જેવા મિલેટ્સમાં પ્રોટીન, વિટામિન્સ, ફાઈબર અને વિવિધ મિનરલ્સ ભરપૂર માત્રામાં હોય છે. જે આરોગ્ય માટે અત્યંત લાભદાયક છે તથા ડાયાબિટીસ જેવા રોગોમાં પણ ઉપયોગી સાબિત થાય છે.

### બાઈટ અર્જુનભાઈ મોઢવાડીયા ( કેબિનેટ મંત્રી )

આ મિલેટ મહોત્સવમાં ગ્રામ્ય વિસ્તારના નાગરિકો, ખાસ કરીને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ મિલેટ્સના પૌષ્ટિક ફાયદાઓ અંગે જાણકારી મેળવી તેને દૈનિક આહારમાં સામેલ કરવા અંગે સમજ મેળવી હતી.

# SHAKTI WOMEN CONF.

ડીસા ખાતે રાજ્ય શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને તથા વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવીણ માળીની વિશેષ ઉપસ્થિતિમાં"શક્તિ વુમન કોન્ફરન્સ"નું આયોજન કરવામાં આવ્યું.રોટરી ડિસ્ટ્રિક્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓમાં આત્મવિશ્વાસ વધારવા,આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવી, સામાજિક ભાગીદારી મજબૂત બનાવવી અને સ્ત્રી સશક્તિકરણને વધુ ગતિ આપવાનો હતો.

આ પ્રસંગે રિવાબા જાડેજાએ કહ્યું કે ગ્રામ્ય સ્તર સુધી આરોગ્ય જાગૃતિ પહોંચે તે માટે સ્વ કરતાં સેવાના મંત્ર સાથે આપણે આગળ વધવું જોઈએ.

## (બાઈટ- રિવાબા જાડેજા)

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવીણ માળી એ કહ્યું વિકસિત ભારત ૨૦૪૭ માટે મહિલાઓની ભાગીદારી અનિવાર્ય: દેશના વિકાસ માટે માતૃશક્તિ સશક્ત અને આત્મનિર્ભર બને તે માટે સરકાર પ્રતિબદ્ધ છે

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગા મ્યુઝિક

....................................

## WORLD WATER DAY

આજે વિશ્વ જળ દિવસ છે. ત્યારે જળ સંચય, જળ સંરક્ષણ અને જળ જાળવણીના સંદેશ સાથે રાજ્યભરમાં ઉજવણી થઇ રહી છે. નવી પેઢીમાં જળ પ્રત્યેની જાગૃતિ કેળવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં પાણી અંગે કોઇ સમસ્યા ન સર્જાયે તેના ભાવિ આયોજન માટે આ દિવસની રાજ્યભરમાં ઉજવણી કરવામા આવી રહી છે. સરકાર અને સમાજીક સંસ્થાઓ અને નાગરિકોના સંયુકત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## GIRSOMNATH -JALSANCHAY

ગીર સોમનાથ જિલ્લો જળસંચય જનભાગીદારી અભિયાન ૨.૦ અંતર્ગત રાજ્યમાં ચોથા ક્રમાંકે છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં સુરક્ષિત અને પૂરતું પીવાનું

પાણી ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિવર્ષ જળસંચય અભિયાન અંતર્ગત જનભાગીદારી સાથે અનેક જળસંચયના કામો હાથ ધરવામાં આવે છે.

આવા જળસંચયના કામો હાથ ધરવામાં ગીર સોમનાથ જિલ્લો જળસંચયના ૫ હજાર ૫૫૧ કામો સાથે ચાલુ વર્ષે રાજ્યમાં ચોથા ક્રમાંકે છે. જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા નવા બનતાં બિલ્ડીંગમાં જળસંચયની ફરજિયાત વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. વધુમાં વધુ પાણી જમીનમાં ઉતરે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રિય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને કેન્દ્રના પેયજળ અને સ્વચ્છતા વિભાગ વચ્ચે મહત્વપૂર્ણ એમઓયુ થયા છે. જે તેનું મહત્વ દર્શાવે છે. આ એમઓયુના પરિણામે પેયજળ વ્યવસ્થાપન તેમજ ગ્રામ્ય જનજીવનમાં ગુણાત્મક પરિવર્તન આવશે.

## CRIME BRANCH ARREST

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચે વર્ષ ૨૦૨૧માં છત્તીસગઢ રાજ્યના રાયપુર શહેરના ટીકરાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા ક્રૂર હત્યા અને લુંટના ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપીને ઝડપી પાડી, વર્ષો જૂના વણઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. મિલકતના વિવાદમાં પોતાના પુત્રની હત્યા માટે નાણાં આપનાર આરોપીએ જ મહિલાની હત્યા કરી હોવાનું ખુલ્યુ હતું. તેમ અમદાવાદ ક્રાઇમ બ્રાંચના ડીસીપી અજીત રાજ્યને જણાવ્યું હતું.

**બાઇટ- અજીત રાજ્યન, અમદાવાદ ક્રાઇમ બ્રાંચ**

# WEATHER

હવામાન વિભાગ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, રાજ્યમાં આગામી 7 દિવસોમાં હળવા વરસાદની સંભાવના છે. આજે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણામાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.કચ્છ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં પણ હળવા વરસાદની સંભાવના છે.આવનારા 2 દિવસમાં 3 થી 5 ડિગ્રી તાપમાન વધશે.

(બાઈટ: રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)

# NATIONAL DEAF ATHLETICS

અમદાવાદમાં યોજાયેલી નેશનલ ડેફ એથ્લેટિક્સની વિવિધ સ્પર્ધામાં ગુજરાતના 10 ખેલાડીઓએ ચંદ્રકો જીત્યા.ક્રિષ્નાજી ઠાકોરે 800 મીટરમાં સુવર્ણ, નીતા રબારીએ 800 મીટરમાં સુવર્ણ, કરિશ્માએ 800 મીટરમાં કાસ્ય ,પૂજા ઠાકોરે 800 મીટરમાં રજત, કાજલ પ્રજાપતિએ 600 મીટરમાં રજત, અર્જુન પટનીએ 2000 મીટરમાં, આકાશ બાગઉલે 800 મીટરમાં, નાટિકા જાબરે 800 મીટરમાં અને અંકુશ અમરજીત રામે શોટપુટમાં ચંદ્રકો મેળવ્યા હતાં.